Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૧ માઘ પુસ્તક ૪૨ મું.

વિક્રમ સં. ૨૦૦૧ :: ઇ. સ. ૧૯૪૫ ફેબ્રુઆરી :: અંક ૭ મો.

## શ્રી નેમિજિન સ્તવન.

( રાગ-એ ચાંદ છૂપ ન જાના... ).

હે સ્વામ સ્યામ સલોના!
હે સ્વામ સ્યામ સલોના, તુમ ગુન મૈં નીત ગાઉં;
મૈં નાથ બંદગીસે, જીંદગી ચંગી બનાઉં.
હે સ્વામ !૦ (૧).

પશુકી પુકારેં સુનકે, કૃપાસે સબી અચાગે,
મુજ પ્રાન આધાર મુજપે, કરૂના નજર ન લાગે;
નવ ભવકી પ્રીત તોરી, મૈં સ્યામ બીન દુભાઉં.
હે સ્વામ !૦ (૨).

ચાહું ન નેમિ જિનકો, સ્વામી કબી સુભાગી !
રાજુલ ચકોરી ચંદા ! તુમ બન ગયે નિરાગી;
તુમ પાસ પાઉં દીક્ષા, તુમ આણુ શિર ધરાઉં.
હે સ્વામ !૦ (૩).

રાજુલકો દે કે દીક્ષા, શિવસુખકી દી સુભિક્ષા;
શિરતાજ ! મુઝે ભી વૈસે, શિવરાજ કી દો ભિક્ષા;
**નેમિ ! લાવણ્ય**-ધામા, મૈં દક્ષ શિર ઝુકાઉં.
હે સ્વામ !૦ (૪).

## પદ.

એવા ભક્તો ભગવાનને વહાલા નથી—( ટેક ).
તાણે મોટાં ટીલા, પણ ઢોલ સુણે ત્યાં ઢીલા-એવા.
તડકા પાળે તાળી, પણ ભાગે ઉંદર ભાળી-એવા.
કરમાં લાંબી માળા, પણ વર્તનમાં ભોપાળા-એવા.
ગરજે જાણે સાયર, પણ કામ પડે ત્યાં કાયર-એવા.
દેવળ મંદિર દોડે, પણ છોડવાનું નવ છોડે-એવા.
દૃષ્ટી છબીમાં ખોડે, નહિ જીવ પ્રભુમાં જોડે-એવા.
જગતને જુઠ ભાંખે, પણ મનમાં માયા રાખે-એવા.
ભુલ બીજાની ભાળે, પણ નવ પોતાની ટાળે-એવા.
પળપળ પીંડ પખાળે, પણ નહિં અંતરને અજવાળે-એવા.
પ્રભુ પ્રભુ મુખથી બોલે, પણ જીગર બીજાની ડોલે-એવા.
મુખમાં હરીરસ રાખે, પણ રોજ બીજાને બાળે-એવા.
ઝેરી જંતુ રક્ષે, પણ માનવતાને ભક્ષે-એવા.
નવ આત્માને ઠારે, પણ પરમાત્માને પોકારે-એવા.
બોલે દીન દયાળુ, પણ લુંટે ગરીબનાં વાળુ-એવા.
બહાર પ્રભુને ખોળે, પણ નહિં અંતરને ઢંઢોળે-એવા.
જાય કથા સાંભળવા, પણ ધાય જગતને ગળવા-એવા.
સુણે સંતની વાણી, પણ બાંધે કર્મ કમાણી-એવા.

પ્રકાશક—મુનીશ્રી **વિનયવિજય.**

## મતભેદ અને ગુણગ્રાહિતા.

મુનિશ્રી પુણ્યવિજય ( સંવિજ્ઞ પાક્ષિક ).

દરેક સંપ્રદાયમાં વિદ્વાનોના બે પ્રકાર નજરે પડે છે. એક તો આગમપ્રધાન અને બીજો તર્કપ્રધાન. આગમપ્રધાન પંડિતો હંમેશાં પોતાના પરંપરાગત આગમોને-સિદ્ધાંતોને શબ્દશઃ પુષ્ટ રીતે વળગી રહે છે, ત્યારે તર્કપ્રધાન વિદ્વાનો આગમગત પદાર્થવ્યવસ્થાને તર્કસંગત અને રહસ્યાનુકૂલ માનવાની વૃત્તિવાળા હોય છે. એટલે કેટલીક વખતે બન્ને વચ્ચે વિચારભેદ પડે છે. એ વિચારભેદ જો ઉગ્ર પ્રકારનો હોય છે તો કાળક્રમે સંપ્રદાયભેદના અવતારમાં પરિણમે છે, અને સૌમ્ય પ્રકારનો હોય છે તો તે માત્ર મતભેદ રૂપમાંજ વિરમી જાય છે. જેમ સંપ્રદાયના ઇતિહાસનું અવલોકન કરતાં તેમાં આવા અનેક વિચારભેદો, મતભેદો અને સંપ્રદાયભેદો અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેનાં મૂલભુત ઉક્ત પ્રકારના કારણો બુદ્ધિ આગળ સ્પષ્ટ તરી આવે છે. શ્રી **જિનભદ્ર ક્ષમાશ્રમણ** આગમપ્રધાન આચાર્ય હતા. તેમણે જૈન આગમામ્નાય પરંપરાગત ચાલ્યો આવતો હતો તેને અનુસરી સંગત ભાષ્ય રચવાનું પ્રધાન કાર્ય કર્યું છે. તેમાં જે તર્ક આમ્નાયાનુકુળ હોય તેનો ઉપયોગ પોતાના સમર્થનમાં પૂરી રીતે કર્યો છે અને આગમની આગળ જનાર તર્કને ઉપેક્ષણીય ગણ્યો છે, જ્યારે તેમના પુરોગામી શ્રી **સિદ્ધસેન દિવાકર** તર્કપ્રધાન આચાર્ય હતા. શ્રી સિદ્ધસેન દિવાકરના ગ્રંથો મૌલિક-સિદ્ધાંતપ્રતિપાદક અને પ્રૌઢ વિચારપૂર્ણ છે. તેઓ જેમ તર્કશાસ્ત્રના વ્યવસ્થાપક અને વિવેચક છે તેમ જૈન દર્શનના એક અનન્ય આધારભૂત આપ્ત પુરૂષ છે. શ્રી સિદ્ધસેન દિવાકરે પોતાના સંમતિતર્કમાં કેવલી (સર્વજ્ઞ) ને કેવલજ્ઞાન અને કેવલદર્શન એ બન્ને યુગપત્ એટલે એક સાથે થતાં નથી એ આગમ પરંપરાના મતથી વિરૂદ્ધ જઈ બન્ને એકજ છે અને જુદા નથી એમ તર્કથી સિદ્ધ કર્યું છે, જ્યારે શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે આગમપરંપરાગત તે મતને અભિમત રહી શ્રી સિદ્ધસેનજીના વિચારનો વિગતવાર પ્રતિક્ષેપ વિશેષાવશ્યકમાં કર્યો છે. આમ શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ આગમપરંપરાના મહાન્ સંરક્ષક હતા તેથી તેઓ આગમવાદી કે સિદ્ધાંતવાદીના બિરૂદથી જૈન વાઙ્મયમાં ઓળખાય છે.

આ પ્રકારનો એ આપ્ત-મહાપુરૂષોમાં મતભેદ સૌમ્ય મતભેદ હોવા છતાં કેટલી ગુણગ્રાહિતા ને સમભાવિતા હતી તે શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે રચેલ '**જિતકલ્પ ચૂર્ણિ**' રચનાર શ્રી સિદ્ધસેનસૂરિવરે તેની આદિમાં તેમની જે ગંભીરાર્થક સ્તુતિ છ પદ્યમાં કરેલી છે તે આ પ્રમાણે—

"અનુયોગના આગમોના અર્થજ્ઞાનના ધારક, યુગપ્રધાન, પ્રધાન જ્ઞાનીઓને બહુમત, સર્વ શ્રુતિ અને શાસ્ત્રમાં કુશલ અને દર્શન-જ્ઞાન ઉપયોગના માર્ગસ્થ અને માર્ગરક્ષક," ૧.

"કમલના સુવાસને આધીન થયેલા ભ્રમરો જેમ કમલની ઉપાસના કરે છે, તેમ જ્ઞાનરૂપ મકરંદના પિપાસુ મુનિઓ જેમનાં મુખરૂપ નિર્જરમાંથી નીકળેલા જ્ઞાનરૂપ અમૃતનું સદા સેવન કરે છે," ૨.

"સ્વ સમય અને પર સમયના આગમ, લિપિ, ગણિત, છન્દ અને શબ્દશાસ્ત્રો ઉપર કરેલા વ્યાખ્યાનોમાંથી નિર્મિત થયેલો જેમનો અનુપમ યશઃપટહ દશે દિશામાં ભમી રહેલો છે," ૩.

"જેમણે પોતાની અનુપમ મતિના પ્રભાવે જ્ઞાન, જ્ઞાની, હેતુ, પ્રમાણ અને ગણધરપૃચ્છાનું સવિશેષ વિવેચના 'વિશેષાવશ્યક' માં ગ્રન્થનિબદ્ધ કર્યું છે," ૪.

"જેમણે છેદસૂત્રોના આધારે પુરૂષ વિશેષના પૃથક્કરણ પ્રમાણે પ્રાયશ્ચિતના વિધિનું વિધાન કરનાર 'જીતકલ્પ સૂત્ર' ની રચના કરી છે," ૫.

"એવા પર સમયના સિદ્ધાંતોમાં નિપુણ, સંયમશીલ શ્રમણોના માર્ગના અનુગામી, અને ક્ષમાશ્રમણોમાં નિધાનભૂત શ્રી **જિનભદ્રગણિ ક્ષમાશ્રમણને** નમસ્કાર !" ૬.

—(જૈન ઇતિહાસમાંથી ઉદ્ધૃત).

# જૈન ધર્મના જ્ઞાનદીપકના પ્રકાશો.

જૈન ધર્મ પાછળથી પ્રગટ થયો છે એવી માન્યતા ભ્રમમૂળક હતી એમ હવે સિદ્ધ થયું છે. હિંદુ સનાતન ધર્મની સાથે જ જૈન ધર્મ સ્વતંત્ર રીતે પ્રાચીન ભારતમાં પળાતો હતો એ હવે ઇતિહાસ સિદ્ધ કરે છે. જૈન ધર્મની પ્રાચિનતા ઉપર હવે આક્રમણ કરી શકાય તેમ નથી. આધુનિક સમયમાં કોઇપણ ચડતી-પડતીના કારણોને લીધે એક સમયના વિશાળ વડલા જેવો વ્યાપક, આ ધર્મ હમણાં અતિશય પ્રમાણમાં ક્ષીણભાવને પામ્યો છે. જૈન ધર્મીઓમાં સિદ્ધાન્તને પુષ્ટિ આપ્યા વગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાધારણ બાહ્યાચારની માન્યતાઓ ઉપર જે ખેંચતાણ થઈ જુદા જુદા પક્ષો પડેલ છે, તેથી જૈનોના ઉત્કૃષ્ટ ધર્મને હાની થઇ છે. જૈનોના સાધુઓ, સંઘ અને વિદ્વાનો ઐક્ય અને સંપ તરફ પ્રયાસ કરે એ ખૂબ જરૂરનું છે. જૈન ધર્મના પુનર્વિકાસ માટે કયા બળોને જાગૃત કરવાની આવશ્યકતા છે તે શોધવાની જરૂર છે. જૈનધર્મની પાલનામાં કયાં ક્ષયરોગ લાગુ પડ્યો છે તે જોવાનું કામ જૈનોનું છે. પચીશ સો વરસ પછી શું મહાવીરસ્વામિ જેવા ઉદ્ધારક જૈન ધર્મમાં કોઇ નહિ જાગે ?

જૈન ધર્મ જ શ્રેષ્ઠ છે, પ્રાચીન છે, આદર્શરૂપ છે આ સર્વે માત્ર કહેવાથી કાંઈ ફાયદો હવે નથી. જગતના લોકોને આજ તો સાહિત્યની દરકાર છે. અતિ સુંદરભાવે સરળતા અને સત્યના સિદ્ધાન્તો ઉપર પ્રગટાવેલ જ્ઞાનદીપ ચારે તરફ પ્રકાશ નાખે ત્યારે જ જૈન ધર્મના મહાન સિદ્ધાન્તો અહિંસા, તપ, સંયમ અને આત્મવિજયનો સાક્ષાત્કાર કરાવી શકશે. જૈનો એ હવે પોતાની સર્વ શક્તિઓ અને સમૃદ્ધિ જ્ઞાનરૂપી પ્રકાશને ચારે તરફ ફેલાવવામાં વાપરવા જોઈએ. જ્ઞાનના દિવ્ય પ્રકાશ પાસે મંદિરો, મૂર્તિઓ, ક્રિયાઓ પાછળ વાપરેલી શક્તિઓ ગૌણભાવને પ્રાપ્ત કરે છે. જૈનોએ પોતાના હૃદયોમાં જ્ઞાનમશાલો ચેતાવી એનો સૌમ્ય શાંત જ્ઞાનરૂપી પ્રકાશ બહાર ફેલાવવો જોઈએ. જ્ઞાનનો દિવ્ય પ્રકાશ જ્યારે જવલી નીકળશે ત્યારે મતભેદો, પક્ષાપક્ષીઓ, બાહ્યક્રિયાઓના ઝગડાઓ, આ ચાર ભેદો, અહમમત્વ સર્વે નાશ પામશે. જૈનો પોતે વિશુદ્ધ થઇ મત મતાંતરો અને આંતરિક રાગદ્વેષો ત્યજીને બીજાઓ ઉપર પ્રતિભા પાડી શકશે.

હિંદુધર્મ અને જૈન ધર્મ બંનેમાં સાંસારિક લાભો કરતાં હૃદયની વિશુદ્ધિનું મહત્ત્વ અનેકઘણું વધારે છે. જ્ઞાન પ્રાપ્તિની પ્રવૃત્તિથી અને ઉત્કૃષ્ટ નૈતિક કર્તવ્યોના પાલનથી બંને ધર્મોમાં સત્ય, શીવ અને સુંદરની પ્રાપ્તિ ઉપદેશી છે. **अहिंसा परमो धर्म :** એ સિદ્ધાન્ત બંને ધર્મોએ માન્ય કરેલ પરમ સત્ય છે. હિંદુ ધર્મમાં યજ્ઞાદિકોમાં અમુક સરતે માંસાહારનું વિધાન કરી સર્વત્ર માંસાહારનો નિષેધ કરાયો છે. પરંતુ યજ્ઞયાગાદિકોના સાહિત્ય સિવાય હિંદુધર્મના બીજા સાહિત્યમાં હિંસાનો અત્યંત તિરસ્કાર કરી અહિંસાને અપનાવવામાં આવી છે.

વિષયાસક્ત અલ્પ સંસ્કારી મનુષ્યો માટે બંને ધર્મોમાં સુધારણાનું વિશાળ ક્ષેત્ર છે. આત્માની પરમાર્થિક ઉચ્ચદશા પ્રાપ્ત કરવા અને સ્વચ્છંદવૃત્તિઓને ત્યજવા બંને ધર્મો આખ્યાયિકાઓ, સૂત્રો અને સદ્બોધદ્વારા પ્રવર્ત થાય છે. બંને ધર્મોમાં ઉચ્ચ આશયો છે. તપોમય જીવન, સહનશક્તિ, સરલ–સાદા આધ્યાત્મિક ભાવોના વિકાસના પાયા ઉપર ઇમારતો ચણી છે. અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, અસ્તેય અને અપરિગ્રહ ઉપર બંને ધર્મોએ મુખ્ય મદાર બાંધ્યો છે. આત્માનો વિજેતા થવા પરમશુદ્ધિ અને શ્રેષ્ઠ હૃદયની સ્વચ્છતાને ઉપદેશેલી છે. હૃદયના નૈસર્ગિક પવિત્ર ભાવોનો વિકાસ કરી પોતપોતાના માર્ગે ઉન્નતિ કરવાના એ બંને ધર્મોએ પ્રયત્નો કરેલ છે. આત્માની પ્રગતિથી સંપૂર્ણતાના ધ્યેય તરફ બંને ધર્મો પોતપોતાના અનુયાયીઓને ખેંચી જાય છે.

બંને ધર્મો પરસ્પરની પાડોસમાં અત્યંત સાનિધ્યમાં જુદા જુદા વૃક્ષોરૂપે હજારો વર્ષો થયા ફાલ્યા–ફુલ્યા છે. ઇર્ષા, અસૂયા, દ્વેષ, વૈર–ઝેર પરસ્પર સેવ્યા વગર બંને જીવ્યા છે. તેમાં પણ જૈન ધર્મની સહિષ્ણુતા–સહનશીલતા, ક્ષમા અને શાંતિ એ સૌ અહિંસામાંથી ઉદ્ભવ્યા છે. બળ, જોરાવરી, મારફાડ, જુલમ, શક્તિનું પ્રદર્શન એ જૈન ધર્મને માન્ય નથી. હજારો વરસો થયા કોઈ સમયના અતિ પ્રાચીન કાળથી જ એને સમદૃષ્ટિ અને બીજા ધર્મો પ્રત્યે સમભાવ દેખાડ્યા છે. એ ધર્મે જોરાવરીથી વટલાવવાની નીતિને પોતાના ઉન્નત સમયમાં પણ સ્પર્શ કર્યો નહોતો. જગતનાં પ્રાચીન કાળમાં ધર્મોની ખેંચાખેંચી અને બળ માપવાના વેરઝેરનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આશ્રય એણે કર્યો નથી. જૈન ધર્મે વિનાશ અને સંહારને પોષ્યા નથી. એણે શાંતિથી જીવી જાણ્યું છે. માનવ માનવ વચ્ચે ભય, તકરાર, મારામારી કે યુદ્ધને એણે ઉત્તેજન આપ્યું નથી.

એક જૈનીનું પરમ કર્તવ્ય અહિંસા મન વચન અને કાયાથી પાળવાનું છે. એને આત્માનો વિજય કરવો છે, એનું કર્તવ્ય કર્મક્ષય કરવાનું છે. રાગ-દ્વેષરહીત જીવનની નૌકા આ તોફાની સંસાર-સાગરમાંથી પસાર કરવા એ ધર્મ આદેશ આપે છે. એની ભાવનાઓ ઉત્તમ છે. જગતના સવા બે અબજ મનુષ્યો જો જૈન ધર્મના અહિંસા, સહાનુભુતિ, સહકાર, સહનશક્તિ, શુદ્ધ વિચાર, આધ્યાત્મિક પરિપૂર્ણતા, દયા, અનુકંપા, તપ, સ્વાધ્યાય બ્રહ્મચર્ય, અસ્તેય, અપરિગ્રહ, સત્ય, ક્ષમા, ઔદાર્ય, ત્યાગ, વૈરાગ્ય, વિવેક, શાંતિ, સંયમ, ઇંદ્રિયજય, નિરભિમાનતા વિગેરે પોતાના હૃદયમાં ઉતારે તો યુદ્ધ, વિગ્રહ, મારફાડ, ઝેરવેર સૌ બંધ પડી જગતના લોકોનું પરમ કલ્યાણ થાય.

કરાંચી તા. ૨૫-૧-૪૫
**ડુંગરશી ધરમશી સંપટ**

---

# उपाध्याय श्रीमद् यशोविजयजीनुं जीवन रहस्य ।

( ગતાંક પૃષ્ઠ ૧૦૧ )

ઉપાધ્યાયજીએ અધ્યાત્મ યોગ, ભક્તિ અને સાહિત્યના તમામ વિભાગો ઉપર પોતાની લેખન-શક્તિનું પ્રભુત્વ પાથરી દીધું છે. આધ્યાત્મિક ગ્રંથોમાં અધ્યાત્મસાર, અધ્યાત્મોપનિષદ, સટીક બત્રીશ બત્રીશીઓ, જ્ઞાનસાર વિગેરે ગ્રંથો હતા. સાત વર્ષની ઉમ્મરમાં ભક્તામર સ્તોત્ર એક જ વખત સાંભળેલું તે કંઠસ્થ થઇ ગયું હતું. આવી સ્મરણશક્તિનો પ્રાદુર્ભાવ નાની ઉમ્મરથી જ હતો; એઓશ્રી બાલબ્રહ્મચારી હતા. સં. ૧૬૮૮ માં પોતાના સાંસારિક બંધુ પદ્મસિંહ અને માતાની સાથે શ્રી નયવિજયજી મુનિના શિષ્ય તરીકે શ્રી વિજયદેવસૂરિના હાથે તેઓએ દીક્ષા લીધી. અને નામ યશોવિજય અને એમના લઘુ બંધુનું નામ પદ્મવિજયજી મુકરર થયું. ગુરુ પાસે ૧૧ વર્ષ અભ્યાસ કરી ગુરુ સાથે કાશી જઇ ત્રણ વર્ષ ત્યાં અને પછી આગ્રામાં ચાર વર્ષ અખંડ ઉચ્ચ અભ્યાસ કરી, લગભગ ૧૮ વર્ષ વિદ્યા-વ્યાસંગમાં ગાળી જીવન પર્યંત ગ્રંથો રચવાનું ચાલુ રાખ્યું; ભાષાદૃષ્ટિએ સંસ્કૃત પ્રાકૃત અને ગુજરાતીમાં પુષ્કળ કૃતિઓ રચી. વિષયો પરત્વે ન્યાય યોગ અધ્યાત્મદર્શન કથા ચરિત નય વૈરાગ્ય દ્રવ્યગુણપર્યાય ધર્મ નીતિ વિગેરે મૂળ ગ્રંથો અને અનેક અન્ય ગ્રંથોની ટીકારૂપ રચના કરી. જૈનેતર સમાજમાં પણ એમના જેવા વિદ્વાન અત્યાર સુધી જાણવામાં આવેલ નથી. એક શ્રેષ્ઠ કવિ તરીકે તેમના ગુજરાતી ભાષામાં કાવ્યો જૈન દર્શનના રહસ્યોવાળું અપૂર્વ છે. સં. ૧૭૧૮ માં શ્રી વિજયપ્રભસૂરિએ એમને ઉપાધ્યાય પદવી આપી.

જૈનશાસ્ત્રનું ઊંડું જ્ઞાન તો તેમને માટે સહજ હતું પરંતુ ઉપનિષદ્ દર્શન આદિ વૈદિક ગ્રંથોનું તથા બૌદ્ધ ગ્રંથોનું વાસ્તવિક પરિપૂર્ણ અને સ્પષ્ટ જ્ઞાન, એમની અપૂર્વ પ્રતિભા અને એમના ગુરુ-ભાઇ શ્રી વિનયવિજયજી સાથે કાશીમાં રહી વર્ષો સુધીના અભ્યાસના પરિપાકનું પરિણામ હતું. કાશીથી આવ્યા પછી અમદાવાદમાં તે વખતના સૂબા મહોબતખાનની ઇચ્છાથી અઢાર અવધાન કર્યાં હતાં એ તેમની સ્મરણશક્તિનું જ્વલંત દૃષ્ટાંત છે.

નયપ્રદીપ, નયરહસ્ય, ન્યાયામૃતતરંગિણી સહિત નયોપદેશ, સ્યાદ્વાદ કલ્પલતા, ન્યાયાલોક, ખંડખાદ્ય, જૈનતર્કપરિભાષા શાસ્ત્રવાર્તાસમુચ્ચય ટીકા અને અષ્ટ-સહસ્રી ટીકા આદિ ગ્રંથો રચી જૈન ન્યાયશાસ્ત્રને જગત સમક્ષ રજુ કર્યું છે; યોગશાસ્ત્રકાર પતંજલિ-કૃત યોગસૂત્રના કૈવલ્યપાદ ઉપર પણ એમણે ટીકા લખી જૈન દૃષ્ટિએ ધારણા ધ્યાન અને સમાધિનો સમન્વય કર્યો છે; સંસ્કૃત પ્રાકૃત અને ન્યાય ગ્રંથો ઉપરાંત લોકભોગ્ય વાચકોને માટે ઉપકારરૂપે ગુર્જર-ભાષામાં અઢાર પાપસ્થાનક સઝાય, સમકિત સડસઠ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બોલની સઝાય, યોગદષ્ટિની સઝાય, અગીઆર અંગો અને પ્રતિક્રમણ ગર્ભહેતુની સઝાયો, ષટ્સ્થાનક ચોપાઇ, જસવિલાસ વિગેરે આધ્યાત્મિક પદો, સમાધિશતક, સમતાશતક, ત્રણ ચોવીશીના સ્તવનો, વિહરમાન જિન સ્તવનો, દ્રવ્યગુણપર્યાય રાસ, સવાસો, દોઢસો અને સાડા ત્રણસો ગાથાના સીમંધરસ્વામીને વિનતિ રૂપ સ્તવનો, ગુરુબંધુ શ્રી વિનયવિજયજીના સ્વર્ગવાસ પછી શ્રીપાળરાજાનો અધુરો રહેલ રાસ કે જે હાલ પૂજારૂપે ઓળીના દિવસોમાં ગવાય છે, તે પૂર્ણ કર્યો વિગેરે સાહિત્ય છે. જ્ઞાનસાર અને અધ્યાત્મસાર વિગેરે ગ્રંથના રચયિતા જેવી રીતે અધ્યાત્મ અને વૈરાગ્યમાં સ્વયંનિમગ્ન છતાં અને તર્ક અને વ્યાકરણનું ઉચ્ચકોટિનું જ્ઞાન ધરાવતા છતાં સાદી ભાષાના સ્તવનો જેમકે જગજીવન જગવાલ હો, લઘુ પણ હું તુમ મન નવિ માવું રે વિગેરે પ્રાકૃત મનુષ્યોને માટે પણ કેવી સરળતાથી ભાષાદ્વારા ઉતારી શકે છે એ એમની શક્તિની અપૂર્વતા ગણાય.

એમની સ્મરણશક્તિના બીજા દષ્ટાંત તરીકે એક હકીકત એ છે કે શ્રી વિનયવિજયજી જે કે તેમના ગુરુભાઇ હતા તેમની સાથે કાશીમાં એમને વિદ્યાભ્યાસ માટે જવું થયું; શ્રી વિનયવિજયજીએ વ્યાકરણ વિષય ગ્રહણ કર્યો અને શ્રી યશોવિજયજીએ ન્યાય વિષય ગ્રહણ કર્યો. ત્રણ વર્ષ પર્યંત શાસ્ત્રનું અધ્યયન કર્યું, એમનો વિદ્યાગુરુ ભટ્ટાચાર્ય જૈન ધર્મનો દ્વેષી છતાં વિનયાદિથી તેમને પ્રસન્ન કરી તેમની પાસેથી સંતોષપૂર્વક વિદ્યાગ્રહણ કરી; પરંતુ એક અપૂર્વ ગ્રંથ અધ્યાપક પાસે હતો, તે ગ્રંથ કોઇને બતાવતા નહોતા; શ્રી યશોવિજયજી અને વિનયવિજયજીએ પ્રસંગ પામી અર્ધ અર્ધ ગ્રંથ જોઇ બન્નેએ ભેગાં મળી મુખે કરી પૂર્ણ કર્યો. પ્રસંગોપાત પોતાના અધ્યાપકને જણાવી માફી માગી; અધ્યાપક એમની સ્મરણશક્તિ માટે તાજુબ બન્યો અને એમની પ્રીતિ બંને તરફ અનેક અંશે વધી. ક્રમે ક્રમે શ્રી યશોવિજયજી મહારાજને કાશીના પંડિતો તરફથી **न्यायविशारद**ની પદવી મળી હતી અને પછીથી એકસો ગ્રંથો ન્યાયના બનાવ્યા પછી **न्यायाचार्य** થયા.

એમના સમકાલીનમાં શ્રીમદ્ આનંદઘનજી, જ્ઞાનવિમળસૂરિ, ઉદયરત્ન, માનવિજય ઉપાધ્યાય, જિનવિજય, શ્રીમદ્ વિનયવિજય, જયસોમ, ઉ૦ સકલચંદ્રજી અને મોહનવિજય હતા. શ્રીમદ્ આનંદઘનજી એક અધ્યાત્મનિષ્ઠ અવધૂત જંગલના યોગી હતા તો ઉપાધ્યાયજી અપૂર્વ વ્યાખ્યાનશક્તિદ્વારા અને ગ્રંથસાહિત્યના ઉત્પાદનદ્વારા જૈનદર્શનની સર્વગ્રાહી પ્રભાવના કરી રહ્યા હતા. ( ચાલુ )

**શ્રી ફતેહચંદ ઝવેરભાઈ.**

## ॥ अथ प्रथम श्री ऋषभजिन स्तवन॥

**ऋषभ जिणंदशुं प्रीतडी किम कीजें हो कहो चतुर बिचार ।**
**प्रभुजी जइ अलगा वस्या तिहां किणें नवि हो कोइ वचन उचार ॥ १ ॥**

### ઉત્થાનિકા:-

**ઋષભજિન સ્તવન:-**

આ સ્તવનમાં આચાર્યદેવ પ્રભુની સાથે પ્રીતિ કેવા પ્રકારે કરવી તેનો માર્ગ દેખાડે છે.

ગમે એવો કઠણ પ્રયોગ હોય તથાપિ જેની સાથે પ્રીતિ જોડવી હોય તેની સાથે અનુકુળ થઇ જતાં પ્રીતિ જોડાય છે જેમ કે પ્રભુ વિતરાગ છે, માટે જો આપણે વિતરાગતાનો અંશ આપણામાં લાવીએ તો પ્રભુની સાથેની દુર્લભ પ્રીતિ પણ સુલભ થઇ જાય છે.

(૧) સંસારમાં રાગ ત્રણ પ્રકારના છે. એટલે કે કામરાગ, સ્નેહરાગ અને દૃષ્ટિરાગ; નાના પ્રકારના પદાર્થો કે લક્ષ્મી કે મિલ્કત વિગેરેની ઇચ્છા તે કામરાગ, સગાં સંબંધીઓ ઉપર જે સ્નેહ રહે તે સ્નેહરાગ અને દેહ ઉપર અર્થાત્ દેહ તે હું છું એ જે રાગ થાય છે તે દૃષ્ટિરાગ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગાથા ૧-સરળ શબ્દાર્થ—

જે આત્માએ રાગદ્વેષનો સંપૂર્ણ જય કરીને અનંત ગુણો પોતાના આત્મામાં ઉદ્દ્ભવાવી મારા જેવા સર્વ આત્માઓને ગુણવાન બનાવવાની ભાવના કરતાં જે તિર્થંકરે સંપદા અને અતિશય સંપદા પ્રાપ્ત કરી છે એવા રૂષભ જિનેશ્વરની સાથે હું જીજ્ઞાસુ સાધક કેવી રીતે પ્રાપ્ત કરું ? હે ! ચતુર અંતરાત્મા તું પરભાવથી વિમુખ થઇને એટલે સ્વભાવની સન્મુખ થઇ જે પરમાત્મા ઋષભદેવને તું જોઇ, જાણી રહ્યો છે, તેમની સાથે મને પ્રીતિ કરવાનો માર્ગ દેખાડો.

કારણ કે, હું જાણું છું કે પ્રભુજી સિદ્ધક્ષેત્રમાં મારાથી અળગા જઇને વસ્યા એ અને ત્યાં વચનથી વ્યવહાર થતો નથી તો હું ભરતક્ષેત્રમાં રહ્યો એ અળગાની સાથે પ્રીતિ કેમ કરી શકું ?

**कागल पण पहोंचे नहीं, नवि पहोंचे हो तिहां को परधान ।**
**जे पहोंचे ते तुम समो, नवि भाखे हो कोइनुं व्यवधान ॥ २ ॥**

ગાથા ૨-સરળ શબ્દાર્થ—

વળી જીજ્ઞાસુ સાધક પ્રીતિની બીજી રીત કહે છે. એટલે કે, કાગળ લખીને પણ જેમની સાથે પ્રીતિ કરવી હોય તેની સાથે કરી શકાય છે; પરંતુ જિનેશ્વર ભગવાન કે જે હાલ સિદ્ધક્ષેત્રે છે ત્યાં કાગળ પણ પહોંચે એમ નથી. આ બે ઉપરાંત પ્રીતિનો ત્રીજો માર્ગ પણ છે અને તે એ કે મારા તરફથી કોઈ પ્રતિનિધિ મોકલીને પણ પ્રીતિ કરી શકાય છે. પરંતુ ત્યાં પ્રતિનિધિ પણ પહોંચી શકે તેમ નથી, કારણ કે જે ત્યાં જાય છે તે તો પ્રભુના સરખા થઇ જાય છે અને ત્યાંથી કોઈ પાછું આવી અંતર કે ભેદ જણાવતા નથી.

**प्रीति कर ते रागीया, जिनवरजी हो तमे तो वितराग ॥**
**प्रीतडी जेह अरागीथी, मेलववी ते हो लोकोत्तर माग ॥ ३ ॥**

ગાથા ૩-સરળ શબ્દાર્થ—

સંસારમાં પરસ્પર પ્રીતિ કરનાર રાગી હોય છે અને જિનેશ્વરજી તો વિતરાગી છે. માટે અરાગીથી પ્રીતિ મેળવવી એનો માર્ગ કોઇ લૌકિક નહિ પણ કોઇ લોકોત્તર હોવો જોઇએ. માટે પરમાત્માભિમુખ ( ચતુર ) અંતર આત્મા પ્રભુની સાથે પ્રીતિ મેળવવાનો લોકોત્તર માર્ગ બતાવે છે. ( લૌકિક માર્ગ ઇંદ્રિયોથી દેખાતી-જણાતી વસ્તુઓ ઉપર પ્રીતિ કરાવે છે. અને લોકોત્તર માર્ગ ઇન્દ્રિયોથી જણાતી વસ્તુઓ તરફ વિમુખ રહી પરમાત્મસન્મુખ થઇ અરૂપી વસ્તુને જણાવે છે. એટલે કે ઇંદ્રિયોથી નહિ પણ ઇન્દ્ર એટલે આત્માથી જણાતી વસ્તુ પર પ્રીતિ કરાવે છે.

**प्रीति अनादिनी विषभरी ते रीते हो करवा मुझ भाव ॥**
**करवी निर्विष प्रीतडी किंण भातें हो कहो बने बनाव ॥ ४ ॥**

ગાથા ૪-સરળ શબ્દાર્થ—

અનાદિકાળથી મારી વિષયોમાં પ્રીતિ છે તે વિષભરી છે ( જેથી જન્મ મરણ થયા કરે છે ) હવે મારે એવીજ રીતે સાદી અનંત ભાગે નિર્વિષ અમૃતમય પ્રીતિ કરવી છે કે જે શાશ્વત જીવનની સાથે છે. એ પ્રીતિ કેવી રીતે બની શકે, તે હે ! પરમાત્માભિમુખ અંતર આત્મા ! મને બતાવ.

**प्रीति अनंती परथकी, जे तोडे हो ते जोडे एह ।**
**परम पुरुषथी रागता एकत्वता हो दाखी गुणगेह ॥ ५ ॥**

ગાથા ૫-સરળ શબ્દાર્થ—

પરમાત્માભિમુખ અંતરાત્મા જીજ્ઞાસુ સાધક જીવને જણાવે છે કે અનંતકાળથી તારી પરભાવમાં જે પ્રીતિ છે તે જેમ જેમ તું છોડતો જાય તેમ તેમ તે પ્રીતિ પરમાત્માની સાથે જોડાઇ જાય. એટલે કે જેમ જેમ તારા નિજ સ્વભાવમાં ( આઠ નિર્મળ રૂચક પ્રદેશમાં રહે તો જાય ) તેમ તેમ પરમ પુરુષ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જિનેન્દ્રદેવ સાથે તારી પ્રીતિ થતી જાય; જે પ્રીતિ પરમાત્માની સાથે એકત્વતારૂપ એટલે તદ્રૂપ થતી જાય, કે જે અનંતગુણનું ધામ શાસ્ત્રમાં દેખાડેલું છે. કારણ કે એ ગુણનું ઘર છે.

**प्रभुजीने अवलंबता निजप्रभुता**
**हो प्रगटे गुणराश ॥**
**देवचंद्रनी सेवना आपे मुज हो**
**अविचल सुखवास ॥ ६ ॥**

**ગાથા ૬–સરલ શબ્દાર્થ—**

હે પ્રભુ ! હું આપના શુદ્ધ ગુણને જેમ જેમ અવલંબતો જાઉં છું તેમ તેમ ગુણના ઘરરૂપ એવી મારામાં પ્રભુતા પ્રગટતી જાય છે, માટે દેવોના ચંદ્ર સમાન હે જિનેન્દ્રદેવ ! ધન્ય છે તમારી સેવાને કે જે મને અવિચલ સુખ એટલે સિદ્ધાત્માની પ્રાપ્તિ કરાવે છે.

ફ. ક. લાલન.

## સત્કાર સમારંભ.

મહા વદ ૫ શુક્રવાર, તા. ૨–૨–૪૫ ના રોજ શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર તરફથી " શેઠ ભોગીલાલ મગનલાલ લેકચર હોલ " નામાભિધાન કરવા અને શેઠ મોહનલાલ તારાચંદને માનપત્ર આપવાનો મેળાવડો કરવામાં આવ્યો હતો.

આરંભમાં બહેન ઇન્દુમતી ગુલાબચંદે ભાવપૂર્વક મંગળાચરણ કર્યા બાદ શ્રી વડવા જૈન સ્નેહી મંડળે સ્વાગતગીત રજૂ કર્યા બાદ ડૉ. જશવંતરાયે આમંત્રણ–પત્રિકા વાંચી સંભળાવી હતી.

ત્યારબાદ સંસ્થાના પ્રમુખ શેઠશ્રી ગુલાબચંદભાઇએ ઉપરોક્ત કાર્ય માટે પ્રાસંગિક વિવેચન કરી રાજેશ્રી ભોગીલાલ લેકચર હૉલ અને ઓઇલ પેઇન્ટીંગ છબી ખુલ્લી મુકવા રાજેશ્રી મોહનલાલભાઇને વિનતિ કરી હતી; જેથી તે હૉલ અને પ્રતિકૃતિ ખુલ્લી મુકી હતી અને પ્રમુખશ્રી ગુલાબચંદભાઈએ પોતાના બંધુ તુલ્ય અને સભાના સેક્રેટરી ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસને પોતાનું વ્યકતવ્ય રજુ કરતા જણાવ્યું કે સભાના ત્રણ મુખ્ય ઉદ્દેશો જણાવી તેમાં આ સત્કારસમારંભનો સમાવેશ થાય છે જેથી તે માટે આ મેળાવડો કરવામાં આવ્યો છે.

રાજેશ્રી ભોગીલાલભાઇએ તો દાન દેવા માટે અભંગ દ્વાર રાખ્યા છે. એમનામાં સમાજમાંજ આપવું એવી સંકુચિત દૃષ્ટિ નથી; પરંતુ સામાજિક કે સાર્વજનિક કોઇપણ કાર્યોમાં દાનનો પ્રવાહ વ્હેતો રાખ્યો છે, તેથીજ તેમજ તેઓશ્રીમાં ઉદારતા, સૌજન્યતા, લઘુતા, સમયજ્ઞતા અને દયાળુતા એ પાંચે ગુણોનો સમન્વય થયેલો છે, તેથી તેઓ



**શેઠ ભોગીલાલભાઈ મગનલાલ મીલવાળા.**

ભાવનગર જૈન સમાજના ભૂષણરુપ, તેમજ તેની જોડી બીજી નથી. આવા દાનવીર નરરત્નનું નામ આ સભાના કોઈ અંગ સાથે ચિરસ્થાયી થાય તો ઠીક તેમ ધારી, સભાના એક હૉલને ભોગીલાલ લેકચર હૉલ આપવું અને તેની યાદી રહે માટે તેમની પ્રતિકૃતિ સભામાં માનપૂર્વક મુકવી તે માટે પ્રથમ આ સત્કાર છે. હવે બીજો પ્રસંગ રાજેશ્રી મોહનલાલભાઇ ફીલ્મ ઉદ્યોગના ધંધામાં સારી લક્ષ્મી પ્રાપ્ત કર્યા પછી પુણ્યયોગે, પૂર્વના આરાધને પ્રથમ દાન દેવાનું પગલું કેળવણીવિષયક જૈન સંસ્થાઓને સખાવત કરવાનું શરૂ કર્યું, પાંચ હજાર દસ હજાર જેવી મોટી રકમોની સખાવતો શરૂ કરી, પરંતુ તેમની કેળવણીપરની રૂચીનો અનુભવ તો નવ માસ પહેલાં તળાજા તીર્થે જૈન વિદ્યાર્થીગૃહના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમના હાથે થયેલ ઉદ્ઘાટનથી જાણવામાં આવ્યું એટલે તળાજા તીર્થના વર્તમાન ઇતિહાસ સાથે



**શેઠ મોહનલાલભાઈ તારાચંદ**

તેમનો શું સંબંધ છે તે જણાવવું અસ્થાને નથી. આચાર્યદેવશ્રી **વિજયનેમિસૂરિશ્વરજી મહારાજ** જેઓ વિદ્વાન અને પ્રભાવશાળી ગુરુદેવ છે; તેમના ઉપદેશથી જ આ તીર્થક્ષેત્રની કમીટીમાં શ્રી ભોગીલાલભાઇ, શ્રી ખાન્તિલાલભાઈ, શ્રી પુરુષોત્તમદાસભાઇ અને વલ્લભદાસભાઈ જોડાયા અને વિદ્યાર્થીગૃહને મોહનલાલભાઇએ રૂા. પચ્ચીસ હજાર આપ્યા અને તેમના તથા ભાઈ દલીચંદભાઈના પ્રયાસ વડે રૂપીઆ બે લાખ ઉપરનું મુંબઇમાં ફંડ થયું.

વળી આ તીર્થના આત્મારૂપ અને કમીટીના હાથ-પગ રાજેશ્રી **ખાન્તિલાલભાઈ** વોરા છે, તેનો પણ પરિચય આપવો તે અત્યારે યોગ્ય છે. તે અત્રેના **અમરચંદભાઇ** વોરાના સુપુત્ર છે. જેની પાંચ પેઢી થયા સંઘ અને જ્ઞાતિની સેવા કરે છે. તે સેવા ઉપરાંત ભાઇ ખાન્તિભાઇના પુણ્યયોગે તેમને આ તીર્થની સેવા વિશેષ સાંપડી છે, એટલે પોતે પ્રમાણિકપણે, શ્રદ્ધા-ભાવનાપૂર્વક તન, મન ધનનો ભોગ આપી પોતાના ધંધાને ગૌણ કરી સેવા આપી રહ્યા છે, જે સમાજના ધન્યવાદને પાત્ર છે. અને સુમારે એક ધાન્યની જ આયંબીલ ૫૦) ઓળીના જેવા ઉચ્ચ તપના પ્રભાવે તેમનો આત્મા ઉજ્વલ થતાં સેવા કરી રહ્યા છે. ભાવિમાં અત્રેના જૈન સંઘના શેઠને લાયક પણ બન્યા છે.

રાજેશ્રી મોહનલાલભાઇની વધતી જતી ઉદારતા, કેળવણી પ્રત્યે પ્રેમ જોઇ તેઓ આ સભાના પેટ્રન કેટલાય વખત પહેલાં થયેલ હોવાથી તેમનો માનપત્રદ્વારા સત્કાર કરવાની આ તક લેવામાં આવી છે વગેરે જણાવ્યું. બાદ રા. રા. શ્રી માસ્તર મોતીચંદભાઇ ઝવેરચંદનો સહાનુભૂતિનો આવેલ સંદેશ ભાઈશ્રી ગુલાબચંદ લલ્લુભાઇએ ટૂંકમાં વિવેચનપૂર્વક જણાવ્યો કેઃ—આપણા સમાજના ભાગ્ય છે કે આવા બે નરરત્નોની સમાજસેવા દિન પ્રતિદિન વધતી ગઇ છે અને તેના સંબંધમાં મુરબ્બી વલ્લભદાસભાઇએ દરેક દૃષ્ટિથી ખૂબ વિવેચન કરેલું છે, તો એટલુંજ કહું છું કે, આ આપણા સમાજના નાયકો દિનપ્રતિદિન આગળ વધતા રહી સમાજ–સેવાના ઉત્કર્ષમાં મોટો ફાળો આપશે એ ખાત્રી છે.

ત્યારબાદ જેચંદભાઇ ( શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના અહીં ખાતાના મુનિમ ) એ પ્રાસંગિક વિવેચન કર્યા બાદ સભાના ટ્રેઝરર શેઠ શ્રી અમૃતલાલ છગનલાલે માનપત્ર વાંચી સંભળાવ્યું હતું. ત્યારબાદ શ્રીયુત ભોગીલાલભાઇના મુબારક હાથે માનપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ રાજેશ્રી મોહનલાલભાઇએ જણાવ્યું જે, ભોગીલાલભાઇના પરિચયથી મેં સેવા કરવાની શરૂઆત કરી છે; તે જણાવવા સાથે પોતાની લઘુતા બતાવતાં સભાના ઉદ્દેશો ઉંચા છે તે પ્રમાણે અને કાર્યવાહી ઉત્તમ છે. છેવટે ભોગીલાલભાઇએ પણ આનંદ જાહેર કરવા સાથે સભાનો આભાર માન્યો હતો. આ પ્રસંગે ખુશી થવા જેવું તો એજ છે કે ભાઇશ્રી ખાન્તિલાલભાઇ, રમણિકલાલભાઇ, દુર્લભદાસભાઇ તથા શ્રી દલીચંદભાઇ ચારે બંધુઓ સભાના આવા સુંદર કાર્યો જોઇ જાણી સભાના પેટ્રન થયા હતા અને શેઠશ્રી ભોગીલાલભાઇએ આ હૉલને સૌંદર્યતાવાળો બનાવવા શેષ એક હજાર રૂપિયા સભાને આપવા જણાવ્યું હતું. છેવટે ભાઇ હરિલાલ દેવચંદભાઇએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વેનો આભાર માન્યો હતો અને પ્રમુખશ્રીએ હાર તોરા એનાયત કર્યા બાદ દૂધપાર્ટીથી આવેલ સર્વેનો સત્કાર કરવા બાદ મેળાવડો વિસર્જન થયો હતો.

# વર્તમાન સમાચાર.

## શ્રી તાલધ્વજગિરિ તીર્થે જૈન વિદ્યાર્થીગૃહનું ખાતમુહૂર્ત.

ગયા મહા વદી ૧૩ શનિવારના રોજ સ્ટેશન ઉપર લીધેલી જમીનમાં વિદ્યાર્થીગૃહ બાંધવા તીર્થ-કમીટી અને વિદ્યાર્થીગૃહની કમીટીએ નક્કી કર્યા પ્રમાણે આ રાજ્યના પરમ કૃપાળુ મહારાણી સાહેબ વિજયકુંવરબા સાહેબાના મુબારક હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. બંને કમીટીના પ્રમુખશ્રીઓ તથા કાર્યવાહકોના આમંત્રણથી નેક નામદાર મહારાજા સાહેબ શ્રી કૃષ્ણકુમારસિંહજી સાહેબ, પૂજ્ય માસિબા (કીશનગઢના રાજ્યમાતુશ્રી) નામદાર દીવાન સાહેબ પટ્ટણી સાહેબ, શ્રીમતી યશોમતી બહેન પટ્ટણી સાહેબ, રાજ્યના મુખ્ય અમલદારો ભાવનગર તળાજા જૈન જૈનેતર બંધુઓ અને પ્રજા મળી ત્રણ હજાર માનવોની મેદની હતી. ખાતમુહૂર્ત વખતે જુદા જુદા વકતાના વિવેચનો પછી ખાતમુહૂર્ત કર્યા પછી મહારાજા સાહેબ, શ્રી રાણી સાહેબ, માસીબા સાહેબ, પોલીસ ઉપરી અને રાજ્ય અમલદારો કમીટીના કાર્યવાહકો ચાલીને ડુંગર ઉપર ગયા હતા. ગઇ સાલના વૈશાક વદી ૧૦ ના રોજ મહારાજા સાહેબના પવિત્ર પગલાં ત્યાં થયા હતા, તે દિવસની યાદગીરી માટે તીર્થકમીટીએ સ્થાપિત કરેલ મહારાજા સાહેબના નામથી કીર્તિસ્થંભનું ઉદ્‌ઘાટન પરમ કૃપાળુ રાણી સાહેબના મુબારક હસ્તે કરવામાં આવ્યું હતું. આ સમારંભ આ તીર્થના ઇતિહાસ લખાઇ જતાં આ ભવ્ય તીર્થધામ ભાવિમાં બનશે તેની આ આગાહી છે. વિદ્યાર્થીગૃહનું ફંડ રૂા. બે લાખનું થયું છે. હજી વધારે થવા સંભવ છે. અમો આ તીર્થ ચીરંજીવી આબાદ થઇ જૈન સમાજમાં ઇતિહાસિક અદ્વીતિય તીર્થ બને તેમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ. રૂા. ૨૫૧૧૧) રૂપીઆ મુખ્ય મંદિરની સામે શ્રી પુંડરીકસ્વામીના મંદિરને માટે શેઠ શ્રી મોહનલાલભાઇએ અર્પણ કરવાથી મૂળ નાયક પ્રભુ બિરાજમાન કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

## સોનગઢ શ્રી મહાવીર ચારિત્ર રત્નાશ્રમના વિદ્યાર્થીનિવાસગૃહનું ઉદ્‌ઘાટન.

આ માસની શુદ ૩ ગુરૂવારના રોજ દાનવીર જૈન નરરત્ન શેઠ ભોગીલાલભાઇ મગનલાલના મુબારક હસ્તે આનંદપૂર્વક દબદબાભરી રીતે ઉદ્‌ઘાટન થયું છે. અનેક ગામના જૈન બંધુઓને આમંત્રણ આપવાથી ત્યાં આવ્યા હતા. પ્રમુખસ્થાન શેઠશ્રી મોહનલાલભાઇ તારાચંદને આપવામાં આવ્યું હતું. અનેક વક્તાઓના વિવેચનો થયા હતા. પ્રસિદ્ધવક્તા મુનિરાજ શ્રી ચારિત્રવિજયજીના ઉપદેશ અને આત્મભોગવડે આ સંસ્થા વધતી જાય છે. આ ઉદ્‌ઘાટનની શરૂઆત અને છેવટે આ સંસ્થાના આત્મા મુનિ૦ શ્રી કલ્યાણચંદ્રજી મહારાજે તેનો ઇતિહાસ બહુ જ લાગણીપૂર્વક ઉચ્ચ શૈલીથી કહી બતાવ્યો હતો. સ્વર્ગવાસી મહારાજ શ્રી ચારિત્રવિજયજી મહારાજે મુનિ શ્રી કલ્યાણચંદ્રજી મહારાજ જેવા નિષ્ણાત અને આ સંસ્થાના પ્રાણરૂપ બનેલા તે મુનિશ્રીને સોંપવાથી તેની વૃદ્ધિ દિવસાનુદિવસ થતી જાય છે તેને માટે મહારાજશ્રીના મનોરથો ભાવિ માટે બહુ ઉંચા છે. શેઠશ્રી ભોગીલાલભાઇને માનપત્ર રૂપાના કાસ્કેટમાં પ્રમુખશ્રીના હાથે અર્પણ કરવામાં આવ્યું હતું. આ નિવાસગૃહ માટે રૂા. પાંચ હજારની રકમ ભાઇ છબીલદાસભાઇ વગેરેને જામનગરનિવાસી જેસંગભાઇ જગજીવનદાસના સુપુત્રોએ અર્પણ કરી હતી.

## જૈન કોન્ફરન્સ : સોળમું અધિવેશન મુંબઇમાં.

સ્વાગત કમીટીના અધ્યક્ષ તરીકે રાવસાહેબ **કાન્તિલાલભાઇ ઇશ્વરલાલ** જે.પી.ની થયેલી વરણી:— તા. ૮-૨-૪૫ ના રોજ કોન્ફરન્સ ઓફીસમાં શેઠ **મોતીચંદ ગીરધરલાલ** કાપડીયાના પ્રમુખપણા નીચે મળેલી મીટીંગમાં રાવસાહેબ શેઠશ્રી કાન્તિલાલભાઇ ઇશ્વરલાલ જે. પી.ની સ્વાગતકમીટીના પ્રમુખ તરિકે, ઉપ-પ્રમુખો રાવબહાદુર શેઠ નાનજીભાઇ લધાભાઇ જે. પી, શેઠ મોહનલાલ હેમચંદ ઝવેરી, શેઠ ભગવાનદાસ હરખચંદ, શેઠ ખીમજી તેજુ કાયા, શેઠ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

શામજી રવજી સોજપાળ, શેઠ ફકીરચંદ કેશરીચંદ, શેઠ રણછોડભાઇ રાયચંદ, ઝવેરી ભાઈચંદ નગીનદાસ, શેઠ રતીલાલ મણિલાલ નાણાવટી, શેઠ મુળચંદ સજમલજી, શેઠ ઝવેરચંદજી, **ચીફ** સેક્રેટરીઓ તરીકે ડૉકટર ચીમનલાલ નેમચંદ શ્રોફ, શેઠ ચંદુલાલ વર્ધમાન, શેઠ મૂળચંદ બુલાખીદાસ, શેઠ દામજી જેઠાભાઇ એ સર્વ હોદ્દેદારોની સર્વાનુમતે ચુંટણી થઇ હતી. અધિવેશન માર્ચ મહિના તા. ૩૦-૩૧ અને એપ્રીલ તા. ૧ લી ત્રણ દિવસો નકી કરવામાં આવ્યા છે. મુંબઇ જૈન સમાજમાં ઉત્સાહ સારો છે. સર્વ જૈન બંધુઓએ સહકાર આપવાની જરૂર છે.

## નમ્રનિવેદન.

આ સભાના સર્વે માનવંતા સભાસદો ( પેટ્રન સાહેબો, લાઇફ અને વાર્ષિક સભ્યો ) ને નિવેદન કરવા રજા લઇએ છીએ કે, આ સભા તરફથી પ્રાતઃ સ્મરણીય ગુરૂદેવશ્રી **આત્મારામજી મહારાજની** જયંતી ( સ્વર્ગવાસ તીથી ) જેઠ સુદ ૮ રોજ શ્રી સિદ્ધાચલજી ઉપર ઉજવાતી હતી, પરંતુ સંવત ૧૯૯૦ ના ચૈત્ર સુદ ૧ ના રોજ વડોદરા અને પાટણ શહેરમાં જન્મશતાબ્દિ સમારોહપૂર્વક ઉજવાયા પછી, ઘણા સ્થળે દર વર્ષે તે જ તારીખે જન્મજયંતી ઉજવી ગુરૂભક્તિ થતી હતી; પરંતુ પરમકૃપાળુ આચાર્ય મહારાજ **શ્રી વિજયવલ્લભસૂરિશ્વરજી** મહારાજની ઇચ્છા બધે સ્થળે એકજ સરખી રીતે જન્મજયંતી ઉજવાય તે સમુચ્ચય રીતે યોગ્ય લાગવાથી, તેઓ સાહેબની આજ્ઞાથી અને આર્થિક સહાય આપનાર શેઠ **સાહેબ સકરચંદભાઇ** મોતીલાલભાઇ મૂળજીની અનુમતીથી આ વર્ષથી હવે પછી દર વર્ષે આ સભા તરફથી ચૈત્ર સુદ ૧ ના રોજ શ્રી સિદ્ધાચળજી તીર્થે તેજ મુજબ જયંતી ઉજવી ગુરૂભક્તિ કરવામાં આવશે. જેથી ઉપરોક્ત સર્વ સભાસદબંધુઓ ચૈત્ર સુદ ૧ ના રોજ શ્રી સિદ્ધાચળજી ઉપર ગુરૂભક્તિનો લાભ લેવા માટે અવશ્ય પધારશો.

જે જે વર્ષમાં ચૈત્ર માસ બે આવે તે વખતે બીજા ચૈત્ર સુદ ૧ ના રોજ જન્મજયંતી ઉજવવી અને જે જે વર્ષમાં જેઠ માસ બે આવે તે વખતે પ્રથમ જેઠ માસની સુદ ૮ ના રોજ સ્વર્ગવાસ તીથી સમજવી. કારણ કે ગુરૂદેવશ્રી આત્મારામજી મહારાજનો સ્વર્ગવાસ અધીક જેઠ સુદ ૮ ના રોજ થયેલો છે. તે પ્રમાણે આચાર્ય મહારાજશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની આજ્ઞા છે.

### નવા થયેલા માનવંતા પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરો.

૧ શેઠશ્રી ચંદુલાલભાઇ ટી. શાહ મુંબઇ.
૨ શેઠશ્રી ખાન્તિલાલ અમરચંદભાઈ વોરા ભાવનગર
૩ શેઠશ્રી રમણીકલાલ નાનચંદ મુંબઇ
૪ શેઠશ્રી દુર્લભદાસ ઝવેરચંદ ”
૫ શેઠશ્રી દલીચંદ પુરૂષોતમદાસ તળાજા હાલ મુંબઈ
પરિચય હવે પછી આપવામાં આવશે.
૬ શેઠ ગાંગજી ગોશર-દીગરસ લાઈફ મેમ્બર

## -:: વિષયાનુક્રમ ::-


૧ શ્રી નેમિજીન સ્તવન ... ... ... ( મુ. શ્રી દક્ષવિજયજી ) પા. ૧૦૫
૨ ઉપદેશક પદ ... ... ... ( મુનિ શ્રી વિનયવિજયજી ) પા. ૧૦૫
૩ મતભેદ અને ગુણગ્રાહિતા ... ... ...( મુનિ શ્રી પુણ્યવિજયજી ) પા. ૧૦૫
૪ જૈન ધર્મ જ્ઞાનદીપકના પ્રકાશો ... ... ( શ્રી ડુંગરશી ધરમશી સંપટ ) પા. ૧૦૬
૫ ઉપાધ્યાયશ્રી યશોવિજયજીનું જીવન રહસ્ય ... ... ( ફતેહચંદ ઝવેરભાઈ ) ) ૧૦૮
૬ શ્રી રૂષભજિન સ્તવન ... ... ... ( ફતેહચંદ કપૂરચંદ લાલન ) પા. ૧૦૯
૭ સત્કાર સમારંભ ... ... ... ... ... ... પા. ૧૧૩
૮ વર્તમાન સમાચાર અને ગુરૂદેવશ્રી આત્મારામજીની જન્મ જયંતી મહોત્સવ માટેની નવી નમ્ર સૂચના પા. ૧૧૪


મુદ્રકઃ શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રીન્ટીંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only